# Commissionerate of School

## Vidya Samiksha Kendra

**3rd Floor, Opposite Punitvan, Sector-19, Gandhinagar 382021**

ક્રમાંક:- COS/2026/1060-1273 તા.૩૦/૦૪/૨૦૨૬

પ્રતિ,
પ્રભારી સચિવશ્રી, તમામ
કલેક્ટરશ્રી , તમામ
જિલ્લા વિકાસ અધિકારીશ્રી, તમામ

વિષય : ‘પ્રગતિના પ્રવેશોત્સવ’ સાથે શાળા બહારનાં બાળકોનાં ‘પુન:પ્રવેશોત્સવ’ અર્થે આગોતરા આયોજન બાબત.

સંદર્ભ:- (૧) ભારત સરકારના શિક્ષા મંત્રાલયના પત્રક્રમાંક:CMS/GOI/2025/ 29085 તા.૨૩/૦૬/૨૦૨૫.

(૨) ભારત સરકારના શિક્ષા મંત્રાલયના તા.૦૬/૦૪/૨૦૨૬ના પત્રથી મળેલ સૂચના અન્વયે તા.૧૫/૦૪/૨૦૨૬ના રોજ યોજાયેલ વર્કશોપ.

(૩) માન. અગ્ર સચિવશ્રી ની અધ્યક્ષતામાં તા.૧૬/૦૪/૨૦૨૬ ના રોજ DEO, DPEO અને શાસનાધિકારીશ્રીની યોજાયેલ સમીક્ષા બેઠક.

(૪) અત્રેની કચેરીના પત્ર ક્રમાંક: CoS /પરચ/૧૦૪૮-૧૧૪૦,તા.૨૮/૦૪/૨૦૨૬.

(૫) CoS બેઠકમાં માન. મુખ્ય સચિવશ્રીએ કરેલ ચર્ચા અન્વયે માન. અગ્ર સચિવશ્રી દ્વારા તા.૨૯/૦૪/૨૦૨૬ના રોજ અપાયેલ સૂચના.

ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે, સંદર્ભદર્શિત પત્ર (૧) અન્વયે NEP-૨૦૨૦નો ઉદ્દેશ્ય પૂર્વ-પ્રાથમિક શાળાથી ઉચ્ચત્તર માધ્યમિક શાળાના સ્તર સુધી કુલ નોંધણી ગુણોત્તર(GER) વર્ષ-૨૦૩૦ સુધીમાં ૧૦૦% પ્રાપ્ત કરવાનો છે. જે લક્ષ્યાંકને પ્રાપ્ત કરવા માટે ભારત સરકાર તથા રાજ્ય સરકાર કટિબદ્ધ છે. જેનાં ભાગરૂપે સંદર્ભ (૨)થી વર્કશોપ યોજાયેલ તથા સંદર્ભ (૫) થી તા.૨૯/૦૪/૨૦૨૬ના રોજ માન. મુખ્ય સચિવશ્રીએ કરેલ ચર્ચા અન્વયે માન. અગ્ર સચિવશ્રી દ્વારા અપાયેલ સૂચના મુજબ નીચે મુજબની કાર્યવાહી કરવાની રહે છે.

શૈક્ષણિક વર્ષ ૨૦૨૪-૨૫માં ધોરણ-૧ થી ૧૧ દરમ્યાન જે વિદ્યાર્થીઓ ડ્રોપઆઉટ થયા તેને CTS PORTAL ના માધ્યમથી ધોરણવાઇઝ નામ જોગ IDENTIFY કરેલ છે. આ વિદ્યાર્થીઓનો આપના જિલ્લાનો ડેટા આ સાથે સામેલ છે. જેમાં વિદ્યાર્થીનું પૂરૂં નામ, વાલીનું નામ અને તેમનો સંપર્ક નંબર તેમજ તે વિદ્યાર્થીએ પાછલા વર્ષમાં અભ્યાસ કરેલ શાળાનું નામ, કલ્સ્ટર વિગેરે સહિતની માહિતી સામેલ છે. તે માહિતીના આધારે DEO, DPEO, શાસનાધિકારી, TPO, BRC, CRC, આચાર્ય અને

શિક્ષકો દ્વારા તેઓને તા.૩૧/૦૫/૨૦૨૬ સુધી તેમનો સંપર્ક કરી શાળામાં પરત લાવવા સમજૂત કરી સર્વે પૂર્ણ કરી આ વિદ્યાર્થીઓને વયજૂથ પ્રમાણે શાળામાં પરત લાવવા **'પ્રગતિનો પ્રવેશોત્સવ'**ના ભાગરૂપે **'પુન: પ્રવેશોત્સવ'**માં સમાવેશ કરવાનું આયોજન કરેલ છે.

વધુમાં, ચાલુ વર્ષે અભ્યાસરત વિદ્યાર્થીનો ડ્રોપ-આઉટ ન થાય તે માટે CTS PORTAL પર Pre Survey દ્વારા ખાસ કરીને ધો-૧, ધો-૬, ધો-૯ તથા ધો-૧૧માં વિદ્યાર્થીઓનો પ્રવેશ સુનિશ્ચિત કરવા ઓનલાઇન પ્રિ તથા પોસ્ટ સર્વે ફોર્મ બનાવેલ છે. તેમાં જે તે શાળાએ વિગતો ભરવાની રહે છે તેમજ પ્રવેશ સુનિશ્ચિત કરવાનો રહેશે.

ઉપર જણાવ્યા મુજબ **'બાળકોને શાળામાં પાછા લાવીએ'** અભિયાન હેઠળ અભ્યાસ છોડી ગયેલ વિદ્યાર્થીઓને શાળાના મુખ્ય પ્રવાહમાં પુન: સામેલ કરવા માટે સંદર્ભ (૪) દર્શિત પત્રથી અત્રેની કચેરી દ્વારા તમામ જિલ્લા શિક્ષણાધિકારી કચેરી, જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી કચેરી, શાસનાધિકારીશ્રીની કચેરી, આઈ.સી.ડી.એસ.ની કચેરી, આંગણવાડી તથા અન્ય વિભાગ સાથે સંકલન કરી અભિયાનને સફળ બનાવવા જણાવેલ છે.

ઉકત તમામ વિગતો ધ્યાને લઈ તા.૩૧/૦૫/૨૦૨૬ સુધીમાં સામેલ પત્રક માં દર્શાવેલ આપના જિલ્લાના તમામ શાળા બહારના વિદ્યાર્થીઓને શક્ય તેટલી વહેલી તકે શૈક્ષણિક પ્રવાહમાં પુનઃ પાછા લાવવા CTS પોર્ટલ પર માહિતી ભરી સર્વે કરી ડ્રોપઆઉટ અટકાવવા અંગેની કામગીરી કરવા અનુરોધ કરવામાં આવે છે.

રચિત રાજ (IAS)
નિયામક
કમિશ્નરશ્રી શાળાઓની કચેરી,
ગુ.રા.ગાંધીનગર

<u>બિડાણ:</u>- જિલ્લાના ડ્રોપ આઉટ થયેલા વિદ્યાર્થીઓની યાદી

**નકલ સવિનય રવાના જાણ સારૂ:-**

- પ્રતિશ્રી, મુખ્ય સચિવશ્રી, ૫મો માળ, સ્વર્ણિમ સંકુલ – ૧, નવા સચિવાલય, ગાંધીનગર.
- પ્રતિશ્રી, અગ્ર સચિવશ્રી (પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ), બ્લોક નં. ૫/૭, શિક્ષણ વિભાગ, નવા સચિવાલય, ગાંધીનગર.
- પ્રતિશ્રી, સ્ટેટ પ્રોજેકટ ડાયરેકટરશ્રી, વિદ્યા સમીક્ષા કેન્દ્ર, સેકટર – ૧૯, ગાંધીનગર.
- પ્રતિ, નિયામકશ્રી (પ્રાથમિક), વિદ્યા સમીક્ષા કેન્દ્ર, સેકટર – ૧૯, ગાંધીનગર.

**નકલ રવાના અમલવારી સારૂં:-**

- જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, તમામ.
- જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, તમામ.
- શાસનાધિકારીશ્રી, તમામ.

समग्र शिक्षा
Samagra Shiksha

NIPUN BHARAT
પાયાની સાક્ષરતા અને અંક જ્ઞાન

જિલ્લા પ્રોજેક્ટ કો. ઓર્ડિનેટરની કચેરી
૫૦૨, સમગ્ર શિક્ષા, શિક્ષણ શાખા,
જિલ્લા પંચાયત, ડુમસ-વેસુરોડ,
પીપલોદ, જિ. સુરત
ફોન/ફેક્સ નં. ૦૨૬૧ ૨૫૯૪૮૧૮
E mail : - dpcsurat@gmail.com
Toll Free no. 1800 233 4820

ક્રમાંક: એસએસએ/એ.આર&વી.ઈ/૨૦૨૬/૨૭૪૩-૬૫ તા.૨૯/૫/૨૬

પ્રતિ,
આચાર્યશ્રી,
પ્રાથમિક, માધ્યમિક તથા ઉચ્ચતર માધ્યમિક શાળાઓ તમામ
જિલ્લો – સુરત.

વિષય: "પ્રગતિના પ્રવેશોત્સવ" અંતર્ગત શાળા બહારના બાળકોના પુનઃપ્રવેશ અંગે કામગીરી કરવા બાબત
સંદર્ભ: (૧) કમિશનરશ્રી સ્કુલ ઓફ એકસલન્સના પત્ર ક્રમાંક નં. COS/2026/1080-1273, તા. 30/04/2026.
(૨) તા.૧૫/૦૫/૨૦૨૬ ની VC માં માન.SPD સાહેબશ્રીની સુચના અન્વયે.

ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે "પ્રગતિના પ્રવેશોત્સવ" અંતર્ગત સુરત જિલ્લામાં શાળા બહારના બાળકોને પુનઃપ્રવેશ અપાવી શિક્ષણના મુખ્ય પ્રવાહમાં જોડવા માટે વિશેષ અભિયાન હાથ ધરવામાં આવેલ છે. આ અભિયાન અંતર્ગત આપની શાળાના બાળકોની માહિતી https://office.suratmunicipal.org/StudentSurvey પોર્ટલ પર ઉપલબ્ધ કરાવવામાં આવેલ છે. (સર્વે માટે જનાર કર્મચારીએ પોતાના મોબાઈલ નંબર અને OTP દ્વારા લોગીન થઇ શકાશે) તે મુજબ નીચે દર્શાવેલ કામગીરી તાત્કાલિક અને પ્રાથમિકતાના ધોરણે પૂર્ણ કરવાની રહેશે.

- આપની શાળાની ડ્રોપ આઉટમાં સ્થળાંતર, અભ્યાસની ના પડતાં, જેઓનો સંપર્ક થઇ શકેલ નથી તેવાં વિદ્યાર્થીઓના ઘરે મુલાકાત કરી બાળકોની હકીકતની ચકાસણી કરવી.
- એપ્લિકેશનમાં બાળકના ઘર મુલાકાત દરમિયાન ફોટો/વિડીયો અપલોડ કરવાનો રહેશે.
- બાળક તથા વાલીઓ સાથે સંપર્ક સાધી શિક્ષણના મહત્વ અંગે સમજાવી પુનઃપ્રવેશ માટે પ્રેરિત કરવું.
- શાળા બહાર રહેલા બાળકોને યોગ્ય ધોરણમાં પુનઃપ્રવેશ અપાવવો.
- આ કામગીરી બાદ પણ જે વિદ્યાર્થી અભ્યાસ કરવાની ના પડતા હોય તેવા વિદ્યાર્થીની ત્યારબાદ ઉપરી અધિકારીશ્રીઓ દ્વારા પણ પુનઃ પ્રવેશ માટે પ્રેરિત કરવાં અર્થે મુલાકાત લેવામાં આવશે તે સમયે સર્વે કરનાર તેમજ શાળાના આચાર્યશ્રીએ પણ સાથે હાજર રેહવાનું રેહશે.
- કામગીરીનો દૈનિક અહેવાલ તૈયાર કરી નોડલ અધિકારીશ્રીને મોકલવો.
- જરૂરી દસ્તાવેજો અને પુરાવા શાળા ખાતે જાળવવા.

**ખાસ નોંધ:**

- આ કામગીરી અત્યંત મહત્વપૂર્ણ અને સમયબદ્ધ છે.
- કામગીરીમાં કોઈપણ પ્રકારની બેદરકારી કે વિલંબ થાય તો તેની સંપૂર્ણ જવાબદારી સંબંધિત શાળાના આચાર્યશ્રીની રહેશે.
- નોડલ અધિકારીશ્રી તથા જિલ્લા કક્ષાના અધિકારીઓ સાથે સતત સંકલન રાખવાનું રહેશે.

ઉપરોક્ત સૂચનાઓનું પાલન કરી કામગીરી તાત્કાલિક અસરથી શરૂ કરી નિયત સમયમર્યાદામાં ૧૦ દિવસમાં પૂર્ણ કરવા આથી જાણ કરવામાં આવે છે.

જિલ્લા પ્રોજેક્ટ કો. ઓર્ડિનેટર અને
જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી
સમગ્ર શિક્ષા, સુરત

જિલ્લા શિક્ષણાધિકારી
સુરત

સવિનય નકલ રવાના
માન.સ્ટેટ. પ્રોજેક્ટ ડાયરેક્ટરશ્રી, સમગ્ર શિક્ષા,ગાંધીનગર
નકલ રવાના અમલવારી કરવા સારું
એજ્યુકેશન ઇન્સ્પેક્ટર શ્રી, તમામ
તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, BRC, તમામ

D:\1-7-22\2026-27\ALL LATTER\ALL BRC LATTER.DOCX67

D:\1-7-22\2026-27\ALL LATTER\ALL BRC LATTER

Scanned with OKEN Scanner